


ગીરીશ ભોયે

## ગિરિમથક સાપુતારાના સર્પગંગા તળાવ પાસેના બાકડા તૂટી ગયા

સાપુતારાઃ સાપુતારામાં હાલ મોન્સૂન ફેસ્ટિવલ પૂરજોશમાં ચાલી રહ્યો છે અને ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત મોન્સૂન ફેસ્ટિવલને સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. ત્યારે મોન્સૂન ફેસ્ટિવલની વચ્ચે નોટિફાઈડ એરિયા કચેરીની ઘોર બેદરકારીનાં પગલે પ્રવાસીઓને મળતી સુવિધાઓ કથળી રહી હોય તેવું જણાઈ રહ્યું છે. સાપુતારાનું સર્પગંગા તળાવ પ્રવાસીઓ માટે એક મુખ્ય આકર્ષણનું કેન્દ્ર છે, ત્યાંની સ્થિતિ અત્યંત દયનીય જોવા મળી રહી છે. તળાવ કિનારે પ્રવાસીઓને બેસવા માટે મૂકવામાં આવેલા બાકડા પણ તૂટી ગયેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. આ કારણે પ્રવાસીઓને બેસવાની યોગ્ય સુવિધા મળતી નથી અને તેમને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

# ધરમપુરમાં પાર-તાપી-નર્મદા રિવર લિંકનું ભૂત ફરી ધૂણ્યું, ઉગ્ર આંદોલનની ચીમકી

**પ્રોજેક્ટ** સ્થગિત કરવા અંગે સરકાર શ્વેતપત્ર જાહેર કરે તેવી માંગ સાથે મુખ્યમંત્રીને ઉદ્દેશીને આવેદનપત્ર અપાયું

**ધરમપુર**, ડાંગ, વલસાડ અને તાપી જિલ્લાનાં અનેક ગામો વિસ્થાપિત થવાની આશંકાથી વિરોધ

ધરમપુરઃ ધરમપુર તાલુકાના અંતરિયાળ ગામોમાં પાર તાપી નર્મદા રિવર લિંક બાબતે મામલતદાર કચેરીએ તાલુકા પંચાયતના સભ્ય કલ્પેશ પટેલની આગેવાનીમાં તથા સરપંચ દેવુ મોકાસીની ઉપસ્થિતિમાં સમાજના આગેવાનોએ મુખ્યમંત્રી, ગુજરાત સરકારને ઉદ્દેશીને પ્રાંત અધિકાર આર.સી.પટેલને પ્રોજેક્ટ બાબતે સ્પષ્ટતા કરવા અંગે રજૂઆત કરી હતી.

પાર-તાપી-નર્મદા રીવર લીંક પ્રોજેક્ટનો ફાઈનલ DPR હાલમાં સંસદમાં પૂર્ણ કરી રજૂ કરવામાં આવ્યો છે. ભૂતકાળમાં વર્ષ ૨૦૨૨માં પાર-તાપી નર્મદા રિવર લિંક પ્રોજેક્ટનો સરવે શરૂ થયો હતો. ત્યારે દક્ષિણ ગુજરાતમાં તેમાં પણ ખાસ કરીને ધરમપુર તાલુકાથી આ પ્રોજેક્ટના વિરોધની શરૂઆત થઈ હતી. ડાંગ, વલસાડ, તાપી જિલ્લામાં આ પ્રોજેક્ટનો આદિવાસી સમાજ દ્વારા દરેક તાલુકામાં ઉગ્ર વિરોધ થયો હતો. આ ઉગ્ર વિરોધને પગલે ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૨માં પાર-તાપી-નર્મદા રિવર લિંક પ્રોજેક્ટ સ્થગિત કરવામાં કરવામાં આવ્યો હોવાની જાહેરાત કરવાની ફરજ પડી હતી. પરંતુ ડેમ સંઘર્ષ સમિતિ અને વાંસદા ચીખલીના ધારાસભ્ય અનંત પટેલ તેમજ અનેક આગેવાનોએ શ્વેતપત્ર જાહેર કરવાની વાત કરી હતી અને જ્યાં સુધી શ્વેતપત્ર જાહેર નહીં કરવામાં આવે ત્યાં સુધી આ પ્રોજેક્ટનો વિરોધ યથાવત રહેશે એવું કહ્યું હતું.

આ પ્રોજેક્ટને કારણે ધરમપુર, ડાંગ, વલસાડ, તાપી જિલ્લાના કેટલાય ગામો વિસ્થાપિત થાય તેમ છે. જો કે, હાલમાં જ્યારે ફરી પાછા પાર-તાપી નર્મદા રિવર લિંક પ્રોજેક્ટનો DPR સંસદમાં રજૂ થતાં દક્ષિણ ગુજરાતના સમગ્ર આદિવાસી સમાજમાં ચિંતા પ્રસરી ગઈ છે. સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨માં આ પ્રોજેક્ટ સ્થગિત થવાની જાહેરાત કરાઈ હતી. ત્યારે સ્પષ્ટતા કરવામાં આવે, નહીં તો આવનાર સમયમાં સમગ્ર આદિવાસી સમાજ પાર-તાપી નર્મદા રિવર લિંક પ્રોજેક્ટનો ફરી વિરોધ કરી જલદ આંદોલન કરશે એવી ચીમકી આપી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ચણોદમાં રાજસ્થાન પ્રગતિમંડળની રક્તદાન શિબિરમાં 441 યુનિટ રક્ત એકત્ર થયું



વાપીઃ વાપી નજીકના ચણોદ સ્થિત રાજસ્થાન ભવનમાં રાજસ્થાન પ્રગતિમંડળ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નગરપાલિકાના માજીસભ્ય સ્વ.મંજુબેન દાયમાની 18મી પુણ્યતિથિએ રક્તદાન શિબિર યોજાઈ હતી. દાયમા પરિવાર અને રાજસ્થાન પ્રગતિમંડળ દ્વારા છેલ્લાં 18 વર્ષથી યોજાતા આ ભગીરથ કાર્યમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લેતાં આ વર્ષે કુલ 441 યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. સ્વ.મંજુ દાયમાના સેવાકીય કાર્યોને યાદ કરતાં દાયમા પરિવારે જણાવ્યું કે, તેઓ સમાજ સેવા માટે હંમેશાં તત્પર રહેતાં હતાં. ભુજના ભૂકંપ અને કારગિલ યુદ્ધ જેવી કટોકટીની પરિસ્થિતિમાં લોહીની તાતી જરૂરિયાત ઊભી થતાં તેમણે રક્તદાન પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનું બીડું ઝડપ્યું હતું. ગત વર્ષે 17મી પુણ્યતિથિએ આ શિબિરમાં 501 યુનિટ રક્ત એકત્ર કરાયું હતું, જે આ વર્ષે પણ સફળતાપૂર્વક આગળ ધપ્યું છે.

### સરીગામમાં પિતાની 22મી પુણ્યતિથિએ પુત્રએ અનોખી શ્રદ્ધાંજલિ આપી

ઉમરગામ: સરીગામના સામાજિક આગેવાન સ્વ.કમલાશંકર રાયની 22મી પુણ્યતિથિ નિમિત્તે તેમના સુપુત્ર રાકેશ રાય તથા યુવાશક્તિ ચેરિટેબલ ટ્રસ્ટ તેમની ટીમે દર વર્ષની જેમ આ વર્ષે પણ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરી રેકોર્ડ બ્રેક 1670 યુનિટ રક્ત એકત્ર કરી સ્વર્ગસ્થ પિતાને અનોખી શ્રદ્ધાંજલિ આપી હતી. સામાજિક આગેવાન એવા રાકેશભાઈ રાય તથા યુવા શક્તિ ચેરિટેબલ ટ્રસ્ટના આમંત્રણને માન આપીને મોટી સંખ્યામાં વિવિધ સંસ્થાના સામાજિક આગેવાનો, સંતો રાજકીય આગેવાનો ઉદ્યોગપતિઓ પત્રકારો અને કામદારો ઉપસ્થિત રહ્યા હતા. વલસાડ રક્તદાન કેન્દ્ર, માનવ આરોગ્ય સેવા કેન્દ્ર પારડી, લાયન્સ બ્લડ બેન્ક, વાપી ન્યૂ કેમ્પ બ્લડ બેન્ક હરિયા વાપી, રેડ ક્રોસ બ્લડ બેન્ક સિલવાસાની ટીમ ઉપસ્થિત રહી હતી. રાકેશ રાય તથા તેમના પરિવાર અને યુવાશક્તિ ચેરિટેબલ ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓએ રક્તદાતાઓનો તથા ઉપસ્થિત તમામનો હૃદયપૂર્વક આભાર પ્રગટ કર્યો હતો.

### ધરમપુર તા.પં.ના ઇનચાર્જ નાયબ ટીડીઓ અને વિસ્તરણ અધિકારીનો વિદાય સમારોહ યોજાયો



ધરમપુરઃ ધરમપુર તાલુકા પંચાયતનાં ઈનચાર્જ તાલુકા વિકાસ અધિકારી અને વિસ્તરણ અધિકારી અનિલ પટેલનો વિદાય સમારોહ ધારાસભ્ય અરવિંદભાઈ પટેલની અધ્યક્ષતામાં તથા તાલુકા વિકાસ અધિકારી મકવાણાની ઉપસ્થિતિમાં નગર પાલિકા મેરેજ હોલમાં યોજાયો હતો. તાલુકા વિકાસ અધિકારી મકવાણાએ જણાવ્યું હતું કે 1987માં સરકારી નોકરી ઉપર લાગ્યા હતા અને નિષ્ઠાપૂર્વક કામ કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ કેતન વાઢુ, તા.પં.નાં માજી પ્રમુખ રમીલા ગાવિત, ભાજપના આગેવાન ગણેશ બિરારી, ભાજપ મહામંત્રી મોહન ધાટાળ, ધીરુભાઈ, વર્ષા પટેલ, તલાટી કમ મંત્રી સહિત સરપંચો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# દેશની સુરક્ષા, સમાજ સ્થિરતા, હિન્દુ સંસ્કૃતિના રક્ષણ માટે વસતી નિયંત્રણ કાયદો લાવો

**નવસારી** જિલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળનું વડાપ્રધાનને આવેદનપત્ર




નવસારીઃ નવસારી જિલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળને હિન્દુ સમાજ સુરક્ષિત નહીં લાગતાં અનેક ઘટનાઓને ટાંકીને વસ્તી નિયંત્રણ કાયદો લાવવા માટે વડાપ્રધાનને કલેક્ટર દ્વારા આવેદનપત્ર મોકલ્યું છે.

નવસારી જિલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળે આવેદનપત્રમાં જણાવ્યું છે કે, આજના સમયમાં ભારતનાં ઘણાં બધાં રાજ્યોમાં હિન્દુ સમાજ સુરક્ષિત નથી. હિન્દુ તહેવારો ઉપર પ્રતિબંધો, ધર્માંતરણ અને લવ જહાદ જેવી ઘટનાઓ વધી રહી છે. વસતી નિયંત્રણ ન હોવાને કારણે દેશમાં ખાસ કરીને બંગાળ, આસામ, કેરળ અને ઉત્તર પ્રદેશમાં હિન્દુઓની વસતી ધીરે ધીરે ઘટી રહી છે અને વિધાનસભા બેઠકોથી લઈને રાષ્ટ્રીય સ્તરે તેમનું પ્રતિનિધિત્વ પણ ખતમ થવા જઈ રહ્યું છે. અનેક દેશોમાં વસતી નિયંત્રણ કાયદો લાગુ છે. તો ભારતમાં કેમ નહીં? જો વસતી નિયંત્રણ અંગે કડક પગલાં ન લેવામાં આવે તો આવનારાં વર્ષોમાં દેશનું ધોરણ બદલાઈ જશે. વિદેશી ઘૂસણખોરો પણ મોટા પાયે વસવાટ કરી દેશના આંતરિક સુરક્ષાને ખતરો ઊભો કરી રહ્યા છે. પશ્ચિમ બંગાળ, કેરળ અને આસામ જેવાં રાજ્યોમાં અનેક વિસ્તારોમાં હિન્દુઓ માટે જીવન મુશ્કેલ બની ગયું છે. લવ જહાદ અને ધર્માંતરણના કેસો દિવસે દિવસે વધી રહ્યા છે. બાળાવસ્થામાં હિન્દુ છોકરીઓના અપહરણ અને ધર્માંતરણના બનાવો પણ વધી રહ્યા છે. આવા કિસ્સાઓને રોકવા માટે અને હિન્દુ સમાજની રક્ષા માટે વસતી નિયંત્રણ કાયદો એક અગત્યનું હથિયાર બની શકે છે.

અટલજીની સરકારમાં દેશમાં બે બાળકોનો નિયમ લાગુ કરવાની વાત થઈ હતી અને આજની તારીખે તે વધુ જરૂરી બની ગઈ છે. ભારત સરકાર "વસતી નિયંત્રણ કાયદો" ભારતભરમાં લાગુ કરે અને બે બાળકોની નીતિ કડક રીતે અમલમાં આવે. જેથી દેશની સુરક્ષા, સમાજની સ્થિરતા અને હિન્દુ સંસ્કૃતિનું રક્ષણ થાય.

સાથે સાથે ગેરકાયદે બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરો સામે કડક કાર્યવાહી કરી હાંકી કાઢવામાં આવે.



ગીરીશ ભોયે

# પૂરપાટ દોડી આવેલી એસટી બસને જોઈ ક્રેઇન ચાલકે વાહન સાઇડમાં ઉતારી દીધું

**આહવા**-વઘઈ માર્ગ પર ધૂળચોંડ જૂના બસ સ્ટેન્ડ પાસે બનેલી ઘટના

સાપુતારાઃ આહવા-વઘઈ માર્ગ પર આજે સાંજે એક મોટી માર્ગ દુર્ઘટના ટળતા અનેક મુસાફરોના જીવ બચી ગયા હતા. ગુજરાત રાજ્ય પરિવહન નિગમ (GSRTC) ની એક બસના બેદરકાર ચાલકે પૂરપાટ ઝડપે બસ હંકારી રોંગ સાઈડમાં ધૂળચોંડ જૂના બસ સ્ટેન્ડ પાસે એક ક્રેઇન સાથે અથડાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, ક્રેઇન ચાલકે સમયસૂચકતા વાપરી ક્રેઇનને રસ્તાની બાજુમાં ઉતારી દેતાં મોટી જાનહાનિ ટળી હતી.

આહવાથી વઘઈ તરફ મુસાફરો ભરીને જઈ રહેલી GSRTC બસનો ચાલક સાંજે લગભગ 4 વાગ્યાના અરસામાં ધૂળચોંડ જૂના બસ સ્ટેન્ડ પાસે અચાનક બસને રોંગ સાઈડમાં હંકારી લઈ ગયો હતો. જેના પગલે સામેથી આવી રહેલી એક વિશાળ ક્રેઇન તરફ બસ ધસી રહી હતી. આ અંગે ક્રેઇનના ચાલકે જણાવ્યું હતું કે, બસ ચાલક ઓવરસ્પીડમાં બસ હંકારીને મારી તરફ રોંગ સાઈડમાં આવી રહ્યો હતો. બસમાં બેઠેલા મુસાફરોના જીવ બચાવવા માટે મેં તાત્કાલિક ક્રેઇનને રોડ સાઈડમાં ઉતારી દીધી હતી. જો મેં તેમ ન કર્યું હોત તો ક્રેઇનનો આગળનો ભાગ સીધો જ બસમાં ઘૂસી જાત અને ઘણા મુસાફરોને ગંભીર નુકસાન થાય તેમ હતું. આથી મારે મજબૂરીમાં ક્રેઇનને રોડ સાઈડમાં ઉતારવી પડી. આ ઘટના બાદ પણ GSRTC બસના ચાલકે બસ ઊભી રાખવાની કે કોઈ પૂછપરછ કરવાની તસ્દી લીધી ન હતી અને આગળ વધી ગયો હતો.

## સુડોકુ ૭૮૨૯ 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | ૬ | | ૫ | ૮ | ૩ | |
| | | ૬ | | | | ૫ | | ૯ |
| | | | | ૨ | | ૪ | ૬ | ૧ |
| ૪ | ૧ | | | ૩ | ૬ | | | ૭ |
| | | | | ૪ | ૨ | ૬ | ૫ | ૮ |
| ૬ | ૫ | ૨ | | ૭ | | ૧ | | |
| ૯ | | | | | | | ૧ | |
| ૧ | | ૪ | | ૫ | | ૩ | | |
| | ૩ | | | | ૧ | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ-૭૮૨૮ (ઉકેલ, ઊંધું છાપેલું)

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ત્રાક્કણ - પ્લેટલેટ ઘટવા

બહારના આક્રમણ સામે લડતાં લોહીમાં ત્રાક્કણ ઘટે છે. તેની પૂર્તિ થવી આવશ્યક છે. પપાઉ પાન એક નો રસ અને કુમારપાઠ નો ગર 30g જેટલો રોજ ખાવાથી પરિણામ સારું મળે છે. પ્રવાહી વિપુલ પ્રમાણમાં લેવું.

# દમણ પોલીસે મોબાઈલ ચોરીના 3 આરોપીની ધરપકડ કરી

દમણઃ સંઘપ્રદેશ દમણ પોલીસે મોબાઈલ ચોરીના ત્રણ આરોપીની ધરપકડ કરી છે. પોલીસ પાસેથી મળેલી માહિતી પ્રમાણે 20 મે-2025ના રોજ ડાભેલ પોલીસને ફરિયાદી રાહુલ શિવ કૈલાસ પાસેથી ફરિયાદ મળી હતી કે, 16થી 17 મે-2025ના રાત્રિ દરમિયાન આંટિયાવાડ ચાર રસ્તા પાસે આવેલી ગુલાબભાઈની ચાલમાં અજાણ્યા વ્યક્તિ દ્વારા ચાલના રૂમમાં પ્રવેશ કરી 54,499 રૂપિયાની કિંમતના 3 મોબાઈલ ફોન ચોરી ફરાર થઈ ગયા હતા. પાછળથી જાણવા મળ્યું કે, બાજુના રૂમમાંથી પણ એક મોબાઈલ ફોન અને 3 હજારની કિંમતની એક સાઈકલ પણ ચોરાઈ ગઈ હતી. આ પ્રમાણેની ફરિયાદ મળતાં પોલીસે આ મામલે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરતાં આ કામના આરોપીઓ પકડાઈ ગયા હતા. પોલીસે ચોરીના ગુનામાં વાપીના છીરીમાં રહેતો અને મૂળ ઉત્તર પ્રદેશનો 27 વર્ષિય જાહિદ ઉર્ફે લાલા, છીરી, કોપરલી રોડ, વાપી અને મૂળ યુ.પી.નો 25 વર્ષીય સાજિદ ઉર્ફે કલ્લુ ખાન તથા છીરી ગાલા મસાલા વાપીમાં રહેતો અને મૂળ યુ.પી.નો 28 વર્ષીય સમીર મગબુલ ખાનની ધરપકડ કરી તેમની પાસેથી ચોરાયેલા 2 મોબાઈલ ફોન અને એક સાઈકલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## શબ્દગુંફન - ૭૦૨૮

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. વિશ્વાસપાત્ર (૩)
૩. ઘોડેસવાર લશ્કર (૪)
૬. બુદ્ધિશાળી (૩)
૭. આનંદ (૨)
૮. એક રોગ(૩)
૧૦. રાંધેલા ચોખા (૨)
૧૧. સોનું (૨)
૧૨. ફલો વગેરેનું પીણું (૨)
૧૩. રોગવાળું (૨)
૧૫. ઈંચ જેટલુ માપ (૨)
૧૭. બીક, દહેશત (૨)
૧૯. વેચાણ ઉપરનું વળતર(૩)
૨૨. ઉતાવળનો ગભરાટ (૪)
૨૪. મોટાઈ (૩)
૨૫. અજોડ (૪)
૨૭. નમ્રતા, નરમાશ (૫)
૨૯. હાલ, દશા (૨)
૩૧. વચ્ચે વાપરવાનું સાધન (૩)
૩૨. સો (૨)
૩૩. બાગ, આનંદ (૩)
૩૪. તારીખ (૨)

**ઊભી ચાવી**

૧. સાપ (૪)
૨. ખૂબ ધીરજવાળું (૩)
૩. કમનસીબ (૪)
૪. કૃપા, રહેમ (૨)
૫. દંડ, શિક્ષા (૨)
૭. મારાપણું, હેત, સ્નેહ (૩)
૯. ઇલાજ, હિકમત (૩)
૧૪. સાધુ-સંતના માથાના લાંબાવાળનું ઝૂંડ (૨)
૧૬. બાદશાહ (૪)
૧૮. હુકમ (૪)
૧૯. ટેક ,આબરૂ (૨)
૨૦. વહેવું તે (૩)
૨૧. ચાલવાનો અવાજ (૪)
૨૩, વગાડવું તે (૩)
૨૫. અપ્રામાણિક વિશ્વાસઘાતી (૪)
૨૬. બેવકૂફ (૪)
૨૮. દહીં (૨)
૩૦. જરાક (૨)

શબ્દગુંફન-૭૦૨૭ (ઉકેલ, ઊંધું છાપેલું)

# ખેરગામમાં ખાતર માટે ખેડૂતોને ફાંફાં 200 ટોકન ધારકને જ ખાતર અપાયું

**નંબર** આવ્યો તે ફાવ્યો, પાંચ બેગની સામે એકથી જ કામ ચલાવવું પડે છે



ખેરગામઃ ખેરગામ તાલુકામાં ડાંગરની રોપણી કરતા ખેડૂતોને ફોસ્ફેટિક અને યુરિયા ખાતરની અછતનો સામનો કરવો પડે છે. ખેરગામમાં એક દુકાનમાં ખાતરનું વિતરણ શરૂ થતા સવારથી જ દુકાન બહાર ખેડૂતો ખાતર લેવા પડાપડી કરી હતી, જેમાં દુકાનદાર દ્વારા ખાતરનો જથ્થો મર્યાદિત હોવાથી થોડું થોડું ખાતર બધાને મળી રહે એ માટે ખેડૂતોને ટોકન નંબર આપવામાં આવ્યા હતા અને તે મુજબ બધા ખેડૂતોને યુરિયાની એક એક બેગ ખાતરનું વિતરણ કરવામાં આવ્યું હતું. પરંતુ ઘણા ખેડૂતોને પોતાના ખેતરમાં ખાતરની જરૂરિયાત વધારે હોય અત્યારે ખેડૂતોએ એક બેગ ખાતર લઈને સંતોષ માનવો પડ્યો હતો.

200 જણાને ટોકન આપ્યા બાદ આવેલા બીજા ખેડૂતોને તો ના પાડવાની નોબત આવતાં ઘણા ખેડૂતો ખાતર વગર નિરાશ થઈને પરત થયા હતા. ખેરગામ ખાતે સહકારી મંડળીઓ તેમજ સરકાર માન્ય ખાનગી દુકાનો ઉપર સરકાર દ્વારા આપવામાં આવતા સબસિડીરાઇઝ્ડ ખાતરનું વિતરણ થતું આવ્યું છે, પરંતુ આ વખતે ફોસ્ફેટિક અને યુરિયા ખાતર ખેડૂતોને સમયસર ન મળવાથી ખેડૂતોને પોતાના ખેતરમાં ડાંગરના પાક માટે જરૂરિયાતનું ખાતર મેળવવા ઘણી મુશ્કેલી પડી રહી છે. ખેરગામ શામળા ફળિયાના એક ખેડૂતને ખેતરમાં આશરે નવ જેટલી ખાતરની બેગની જરૂર છે, જેમાં આજે બધા ખેડૂતોને એક એક બેગ ખાતર અપાયું હતું.

## આજનું પંચાંગ

**તા. 01/08/2025, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** શ્રાવણ
**તિથિઃ** સુદ: આઠમ : વૃદ્ધિ તિથિ છે.
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ: 10
**યોગ :** શુભ **કરણઃ** વિષ્ટિ
**નક્ષત્ર :** સ્વાતિ: 27:41 **રાશિઃ** તુલા (ર.ત.)
**દિવસ :** અશુભ, જીવંતીકા પૂજન, દુર્ગાષ્ટમી-લોકમાન્ય પુ.તિ.
**સુરતમાં સૂર્યોદય :** 06:13 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:16
**નવકારસી :** 07:01
**પારસી વર્ષ :** 1394, સ્પેન્દારમદ માસનો 22મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, સફર માસનો 06ઠો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે : 10:30 થી 12:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** અપેક્ષિત કામમાં પરિવારની મદદ મળે. દામ્પત્ય અને અંગત જીવન રંગીન અને રોમેન્ટીક રહેશે.

**વૃષભ (બ,વ,ઉ,):** મોજ-શોખ પાછળ ખર્ચ વધશે. નોકરીમાં પ્રગતિ થાય. હરીફોની હેરાનગતિ રહે.

**મિથુન (ક,છ,ઘ,):** પ્રેમ બાબતે વિશ્વાસ વધશે. મિત્રો સાથે મનોરંજન થાય. નવા રોકાણથી લાભ થાય.

**કર્ક (ડ,હ,):** વાહન-મિલકતની ખરીદી કે વેચાણ થઇ શકે છે. નોકરીમાં નવાં ફેરફારથી રાહત થાય.

**સિંહ (મ,ટ,):** પાર્ટી-પીકનીકનું આયોજન થાય. નોકરી ધંધાર્થે પ્રવાસ થાય. ભાડાની આવક વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** વાણી-વ્યવહાર અને બૌદ્ધિક પ્રભાવથી અટકેલાં કામ પાર પડે. આવક વધે.

**તુલા (ર,ત,):** ગુસ્સા પર કાબુ રાખવો. પ્રવાસમાં રંગીન મુલાકાત થાય. નવા કામની યોજના બને.

**વૃશ્ચિક (ન,ય,):** સત્સંગ-પૂજા પાઠ અને દાન-પુણ્યમાં શાંતિ મળે. સમાજ જીવનમાં સાવધાની રાખવી.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** રોમેન્ટીક મુલાકાત થાય. મિત્રો સાથે મનોરંજ થાય. આવકના સાધનો વધશે.

**મકર (ખ,જ,):** સમાજ જીવનમાં યશ મળે. સ્ત્રીવર્ગને ઉપયોગી ચીજ વેપારમાં આવક વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ધાર્મિક સાહિત્ય ધાર્મિક પ્રવાસ, પર્યટન વગેરેના કામમાં આર્થિક લાભ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉઘરાણી આવે. સરકારી યોજનાનો લાભ મળે. વીમા-એજન્સીનો કામ થાય.

### કોઇ પણ સાલમાં 01 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સફળતા અને નવી તકો પુરી પાડનાર રહેશે. સરકારી નોકરીની તક મળે. નોકરી-ધંધામાં નવા ફેરફારથી રાહત થાય. પ્રમોશન અને આવક વધે. નવા રોકાણ સરળ બને. ઉઘરાણી આવે. સમાજમાં પ્રતિષ્ઠા વધે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. આર્થિક બાબતે ચડતી-પડતી છતાં સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં સફળતા મળે. સંતાનોનાં અભ્યાસ - કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ટેકનોલોજીથી લાભ થાય. વિદેશનાં કામમાં ગતિ આવે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામમાં વડીલોની મદદ મળે. વધારાની આવકના પ્રોજેક્ટરમાં મિત્રો મદદ રૂપ બને. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઈ-ઓગસ્ટમાં ઇચ્છીત કાર્યમાં સફળતાથી ઉત્સાહ વધશે. નવેમ્બર -ડિસેમ્બરમાં સામાજિક અશાંતિ અને સંતાનોનાં ખર્ચા વધશે.